ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા. ૦૧.૦૮.૨૦૧૭**

**ભાજપાના ગુજરાતના તમામ સાંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના તમામ કોર્પોરેટરશ્રીઓ તેમનો એક મહિનાનો પગાર મુખ્યમંત્રી રાહતફંડમાં જમા કરાવશે.**

--------------------

**પૂર પિડિતોની પડખે સરકાર, સંગઠન અને સમાજ**

--------------------

**મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી**

--------------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ભાજપા ગુજરાતના તમામ સાંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મહાનગરપાલિકાના તમામ કોર્પોરેટરશ્રીઓ એ તેમનો એક મહિનાનો પગાર અતિવૃષ્ટિના અસરગ્રસ્તોની મદદ માટે મુખ્યમંત્રી રાહતફંડમાં જમા કરાવવાની જાહેરાત કરી હતી. શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપાની હંમેશા આ જ પરંપરા રહી છે, જ્યારે જ્યારે કોઇપણ આફત આવી હોય જેમ કે, ધરતીકંપ, દુકાળ, પુર જેવી કુદરતી હોનારતોમાં ભુતકાળમાં પણ ભાજપાનો કાર્યકર હંમેશા સેવા માટે તત્પર રહ્યો હતો અને આજે પણ અતિવૃષ્ટિની આ આફતમાં તમામ બનતી મદદ માટે સમગ્ર ભાજપા અસરગ્રસ્ત વિસ્તારમાં ખડેપગે તૈયાર છે.

શ્રી જીતુભાઇ વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભાજપાના જીલ્લા/મહાનગર કાર્યાલયો ઉપર કાર્યકર્તાઓ સતત જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓની કીટ તૈયાર કરી રહ્યા છે. ભાજપાના ધારાસભ્યોશ્રીઓ પણ પોતપોતાના વિસ્તારમાંથી કીટ તૈયાર કરીને અસરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જીલ્લામાં સ્વયંભૂ પહોચી રહ્યા છે. ટ્રકો ભરીને રાહત સામગ્રી પહોંચાડવાનો પ્રવાહ અવિરતપણે ચાલી રહ્યો છે. સંગઠન દ્વારા ૩૩ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની કીટ તૈયાર કરીને અસરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવી રહી છે. ભાજપાના કાર્યકરો સ્વયં આ તૈયાર કીટ લઇને અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચીને જરૂરીયાતવાળા લોકો સુધી પહોંચતી કરી રહ્યા છે. ભાજપા ડોકટર સેલની ૨૦ જેટલી ટીમો અસરગ્રસ્ત વિસ્તારમાં સેવા આપી રહી છે. પુર ઓસરી ગયા પછી જ્યાં સુધી જન-જીવન પૂર્વવત્ નહી થઇ જાય ત્યાં સુધી ભાજપાનો એક-એક કાર્યકર અસરગ્રસ્ત વિસ્તારમાં ઉપસ્થિત રહી લોકસેવા માટે કટિબધ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ફાળો આપવા માટે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના બેંક એકાઉન્ટ નંબર-૧૦૩૫૪૯૦૧૫૫૪ **(AC. No. 10354901554)** છે અને **IFSC Code:-SBIN0008434** છે તેમાં સીધા જ પૈસા જમા કરાવી શકાય છે અથવા તો સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનુ રાહતફંડ, મહેસુલ વિભાગ, બ્લોક નં.૧૧/૭, સચિવાલય, ગાંધીનગરના સરનામા ઉપર મોકલી શકાશે. જીલ્લા કક્ષાએ કલેકટરશ્રી, વિકાસ અધિકારીશ્રીઓ, તથા તાલુકા કક્ષાએ મામલતદારશ્રીઓ પણ રાહત નિધિમાં ફાળો સ્વીકારવા અધિકૃત છે અને ખાસ ‘‘મુખ્યમંત્રી રાહત નિધિ’’માં અપાયેલ ફાળો આવકવેરા ધારાની કલમ-૮૦જી હેઠળ ૧૦૦% કરમુક્તિને પાત્ર છે.

ગુજરાતમાં ભારે વરસાદ અને પુરની કુદરતી આપત્તિમાં પિડિતોની પડખે રહી તેમને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓની કીટ આપવા સહિત મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં ઉદાર હાથે ફાળો આપવા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ અપીલ કરી છે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**મીડીયા વિભાગ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૨** **તા. ૦૧.૦૮.૨૦૧૭**

**૨૦૧૫થી લાગુ 'નોટા' નો નિયમ દરેક રાજ્યમાં સરખો છે ત્યારે કોંગ્રેસના અહેમદ પટેલે તે અંગે ટ્વીટ કરીને પોતાની અજ્ઞાનતા પ્રદર્શિત કરી છે**

--------------------

**હારની હતાશાના કારણે કોંગ્રેસ ચૂંટણી પંચના નિયમોનું ખોટુ અર્થઘટન કરી રહી છે**

--------------------

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ કોંગ્રેસના અહેમદભાઇ પટેલની 'નોટા' ના ઉપયોગ અંગેની ટ્વીટની પ્રતિક્રિયા આપતાં જણાવ્યુ હતુ કે, ૨૪ વર્ષથી સતત રાજ્યસભાના સાંસદ રહી ચૂકેલા અહેમદભાઇ પોતાની અજ્ઞાનતા દર્શાવી રહ્યા છે. તેમના આ નિવેદનમાં રાજ્યસભાની ચૂંટણીમાં તેમની હારની હતાશા સ્પષ્ટ દેખાઇ આવે છે. ૮ ઓગષ્ટે યોજાનારી રાજ્યસભાની ચૂંટણીમાં હાર ભાળી ગયેલી કોંગ્રેસને તેના ધારાસભ્યો ઉપર કોઇપણ જાતનો ભરોસો રહ્યો નથી. તેથી જ તેમને આવા અતિવૃષ્ટિના સમયે પોતાના મતવિસ્તારમાં પ્રજાની વચ્ચે રહીને સેવા કરવાને બદલે બેંગલોરના ફાઇવસ્ટાર રિસોર્ટમાં ગોંધી રાખ્યા છે. તેથી કાયદાનું ખોટુ અર્થઘટન કરી કોંગ્રેસ પોતાના જ ધારાસભ્યોને ગેરમાર્ગે દોરી ગેરલાયક ઠરાવવાની ધાક-ધમકી આપી યેન-કેન પ્રકારેણ રહી-સહી આબરૂ બચાવવાના પ્રયાસો કરી રહી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, દરેક ચૂંટણીઓમાં મતદારને નોટાનો વિકલ્પ આપવો જોઇએ તેવી સન ૨૦૧૫થી ચૂંટણીપંચની સ્પષ્ટ ગાઇડ લાઇન છે. ક્રોસવોટીંગ એ કોંગ્રેસનો આંતરિક અને અંગત મામલો છે. પરંતુ નોટા તેમજ ક્રોસવોટીંગના સતત ભયથી કોંગ્રેસના આગેવાનો અતાર્કિક અને ગેરકાયદેસર અર્થઘટન કરી અવ્યવહારૂ વાતો કરી રહ્યા છે તે દેશની જનતા જોઇ જ રહી છે. જેવી રીતે રાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાનો અંતરાત્માના અવાજને અનુસરીને મત આપ્યા હતા તેવી જ રીતે રાજ્યસભાની ચૂંટણીમાં પણ મત આપશે તેવો દ્રઢ વિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, વડી અદાલતોના આવેલા ચૂકાદાઓ પરથી એવું સ્પષ્ટ થાય છે કે કોઇપણ સભ્ય રાજ્યસભાની ચૂંટણીમાં નોટા કે ક્રોસવોટીંગ કરે તો તે સભ્ય તરીકે ગેરલાયક ઠરી શકે નહિ. રાજ્યસભાની ચુંટણીમાં મતદાન અંગે ધ રીપ્રઝેન્ટેશન ઓફ ધ પીપલ એક્ટ ૧૯૫૧ ની કલમ – ૫૯ મુજબ આ મતદાન ઓપન બેલેટ પધ્ધતિથી થશે અને કાયદામાં વખતોવખત કરાયેલા સુધારા મુજબ ઓપન બેલેટ પધ્ધતિથી વોટ આપનાર સભ્યો તેઓ કોને મત આપે છે તે પોતાના પક્ષ દ્વારા નિમવામાં આવેલા ઓથોરાઇઝ્ડ એજન્ટને બતાવવાનો રહે છે. અને જો ઓથોરાઇઝ્ડ એજન્ટને બતાવવામાં ન આવે તો મત રદ થાય છે. પટણા હાઇકોર્ટના ચૂકાદામાં પણ સ્પષ્ટ દર્શાવ્યું છે કે કોઇ સભ્ય ક્રોસવોટીંગ કરે અને તેના પક્ષના ઓથોરાઇઝ્ડ એજન્ટને તે બતાવે તો ક્રોસવોટીંગ હોવા છતાં પણ તેમનો મત રદ થતો નથી પરંતુ જો સભ્ય વોટ આપ્યા પછી અને કવરમાં મુકતા પહેલા મતપત્ર ઓથોરાઇઝ્ડ એજન્ટને બતાવવાનો ઇનકાર કરે તો તેમનો પત્ર પ્રીસાઇડીંગ ઓફિસર દ્વારા પાછુ લેવામાં આવે છે. આ સંજોગોમાં જ તેમનો મત રદ થઇ શકે.

આમ, રાજ્યસભાની ચુંટણીમાં મતદાનના ૧૯૫૧ના આ કાયદા હેઠળ બનાવવામાં આવેલા નિયમોમાં ક્રોસવોટીંગ કરવા ઉપર કોઇપણ પ્રકારનો પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી અને ક્રોસવોટીંગ કરવાથી મત રદ થાય તેવી કોઇ જ જોગવાઇ નથી.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ